બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૧૦૦

# ઉકેલપત્ર : સત્સંગ પ્રવીણ-૧

(સમય : સવારે ૯ થી ૧૨) (રવિવાર, ૫ જુલાઈ, ૨૦૦૯)

## (વિભાગ - ૧ : શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના, દસમી આવૃત્તિ - જુલાઈ, ૨૦૦૬)

**પ્ર.૧ નીચે આપેલામાંથી કોઈ પણ બે વિષયના સંદર્ભમાં શાસ્ત્રનાં ત્રણ પ્રમાણો આપો. (કુલ ગુણ : ૬)**

☞ **નોંધ :- દરેક પ્રમાણ દીઠ ૧ ગુણ. સંદર્ભ શાસ્ત્રનું નામ અને ક્રમાંક લખવો ફરજિયાત છે. પ્રમાણમાં ક્યારેક સંસ્કૃત શ્લોક અને ભાષાંતર હોય છે. પરીક્ષાર્થીએ કોઈ પણ એક લખ્યું હોય તો પણ સાચું આપવું.**

**૧. સર્વ કર્તા-હર્તા શ્રીજીમહારાજ (૨/૬)**

**પ્રમાણ- ૧:** ભગવાન તો સદા સાકાર જ છે ને અનેક બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલયના કર્તા છે ને સદા પોતાના અક્ષરધામને વિષે વિરાજમાન છે ને રાજાધિરાજ છે ને તે જ આ પ્રત્યક્ષ છે. **(વચ.ગ.અં. ૩૫)**

**પ્રમાણ- ૨:** સર્વે બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તેનો કર્તા પણ હું જ છું. ને અનંત બ્રહ્માંડના અસંખ્ય શિવ, અસંખ્ય બ્રહ્મા, અસંખ્ય કૈલાસ, અસંખ્ય વૈકુંઠ અને ગોલોક, બ્રહ્મપુર અને અસંખ્ય કરોડ બીજી ભૂમિકાઓ એ સર્વે મારે તેજે કરીને તેજાયમાન છે અને વળી, હું કેવો છું તો મારા પગને અંગૂઠે કરીને પૃથ્વીને ડગાવું તો અસંખ્ય બ્રહ્માંડની પૃથ્વી ડગવા લાગે ને મારે તેજે કરીને સૂર્ય, ચંદ્રમા, તારા આદિક સર્વે તેજાયમાન છે. **(વચ.અમ. ૭)**

**પ્રમાણ- ૩:** ભક્તચિંતામણિમાં શ્રીજીમહારાજ કહે છે : વળી કહું એક વારતા, સર્વે કીધું આપણું થાય છે,
સુખદુઃખ વળી જયપરાજય, યત્કિંચિત જે કહેવાય છે.
જે જે આપણને નવ ગમે, તે જીવ કેમ શકે કરી
જુઓ સર્વ જકતમાં, કોણ શકે છે ફેલ આચરી
તે માટે તમે સાંભળો, સત્સંગી સહુ નરનાર,
જે જે થાય છે જકતમાં, તેનો બીજો નથી કરનાર. **(ભ.ચિં. પ્ર. ૭૬)**

**પ્રમાણ- ૪:** મારું ધાર્યું અસત્ય સત્ય થાય છે, સમરથ મારું નામ સહિ,
મારી દૃષ્ટિએ જકત ઊપજે શમે, અનેક રૂપે માયા થઈ. **(ભ.ચિં. પ્ર. ૬૮)**

**પ્રમાણ- ૫:** જીવ ઈશ્વર તણો રે, માયા કાળ પુરુષ પ્રધાન,
સૌને વશ કરું રે, સૌનો પ્રેરક હું ભગવાન
અગણિત વિશ્વની રે, ઉત્પત્તિ પાલન પ્રલય થાય,
મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય. **(સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામી)**

**૨. નિરાકાર સમજવાથી ખોટ (૩/૧૧)**

**પ્રમાણ- ૧:** ભગવાનને જે નિરાકાર સમજે, એ તો પંચ મહાપાપ કરતાં પણ અતિ મોટું પાપ છે. એ પાપનું કોઈ પ્રાયશ્ચિત નથી. **(વચ. ગ.મ. ૩૯, ગ.પ્ર. ૭૧)**

**પ્રમાણ- ૨:** ભગવાન છે તે કરચરણાદિક સમગ્ર અંગે સંપૂર્ણ છે.... તેને અરૂપ કહેવા ... એજ ભગવાનનો દ્રોહ છે... અને ચંદન પુષ્પાદિકે કરીને પૂજે છે પણ ભગવાનનો દ્રોહી છે. **(વચ. વરતાલ-૨)**

**પ્રમાણ- ૩:** નિરાકાર જાણે ને બીજા અવતાર જેવા જાણે તો એનો દ્રોહ કર્યો કહેવાય. **(વચ. ગ.મ. ૯)**

**પ્રમાણ- ૪:** સર્વે ગુણે સંપન્ન હોય ને જો ભગવાનને અલિંગ સમજતો હોય, પણ મૂર્તિમાન ન સમજે, એ મોટો દોષ છે, એણે કરીને એના બીજા સર્વે ગુણ દોષરૂપ થઈ જાય છે. **(વચ. લો.૧૬)**

**પ્રમાણ- ૫:** અને જે એ ભગવાનને નિરાકાર જાણીને ધ્યાન-ઉપાસના કરે છે તે તો બ્રહ્મ સુષુપ્તિને વિષે લીન થાય છે, તે પાછો કોઈ દિવસ નીસરતો નથી અને ભગવાન થકી કોઈ ઐશ્વર્યને પણ પામતો નથી. **(વચ. ગ.પ્ર. ૬૪)**

**પ્રમાણ- ૬:** ભગવાનના સ્વરૂપને જે નિરાકાર કહેનારા છે ને જાણનારા છે ને સત્શાસ્ત્રના અર્થને અવળા અર્થના કરનાર છે, તે તો અનંત જન્મ સુધી ને ત્રેતાયુગમાં દશ હજાર વર્ષ સુધી ને દ્વાપરયુગમાં હજાર વર્ષ સુધી ને કળિયુગમાં સો વર્ષ સુધી એને ગર્ભમાંથી શસ્ત્રે કાપી કાપીને કાઢશે પણ બાળો સાદ કાઢીને રોશે નહિ ને એમ ને એમ અનંત કલ્પ સુધી દુઃખને ભોગવશે પણ સુખ તો નહિ જ થાય. **(સ્વા.વા.૩/૧૬)**

**૩. સર્વોપરીપણાની નિષ્ઠા આવશ્યક (૪/૨૯)**

**પ્રમાણ- ૧:** 'જેટલી પોતાના ઈષ્ટદેવ જે પરમેશ્વર તેને વિષે નિષ્ઠા હોય તેટલો જ આત્મા-અનાત્માનો વિવેક થાય છે. **(વચ. ગ. પ્ર. ૫૬)**

**પ્રમાણ- ૨ઃ** જ્યારે એ વાર્તા સમજ્યામાં આવશે ત્યારે પંચવિષય કે કામ, ક્રોધાદિક સ્વભાવતે જીત્યામાં પ્રયાસ થશે નહિ, સહજે જિતાઈ જશે... પણ ભગવાનના સ્વરૂપમાં જો કોઈ રીતની સમજ્યામાં કસર રહી તો કોઈ રીતે વાંધો ભાંગશે નહિ. **(વચ. ગ.મ.૧૩)**

**પ્રમાણ- ૩ઃ** મહારાજને પુરૂષોત્તમ જાણ્યા વિના અક્ષરધામમાં જવાય નહિ. **(સ્વા.વા. ૩/૧૨)**

**પ્રમાણ- ૪ઃ** જ્ઞાન માર્ગ તો એવો સમજવો, જે કોઈ રીતે ભગવાનના સ્વરૂપનો દ્રોહ થાય નહિ... માટે જે સમજુ હોય તેને ભગવાનના વચનમાં તો જેટલું પોતાની સામર્થી પ્રમાણે રહેવાય તેટલું અવશ્ય રહેવું પણ ભગવાનની મૂર્તિનું બળ અતિશય રાખવું જે સર્વોપરી ને સદા દિવ્ય સાકાર મૂર્તિ અને સર્વ અવતારનું અવતારી એવું જે ભગવાનનું સ્વરૂપ છે તે જ મને પ્રાપ્ત થયું છે. **(વચ. ગ.મ.૯)**

**પ્રમાણ- ૫ઃ** જે એમ જાણતો હોય ને તેથી જો કદાચિત સત્સંગથી બાહેર નીસરી જવાણું તોય પણ તેને ભગવાનની મૂર્તિમાંથી હેત ટળતું નથી. અને તે હમણાં તો સત્સંગથી બાહેર છે પણ દેહ મૂકીને તો અંતે ભગવાનનું જે અક્ષરધામ તેને વિષે ભગવાનને સમીપે જશે. અને હમણે સત્સંગમાં રહેતો હશે અને શાસ્ત્રના વચનમાં પણ રહેતો હશે અને તેને જો ભગવત સ્વરૂપની નિષ્ઠા પાકી નહિ હોય તો તે જ્યારે દેહ મૂકશે ત્યારે કાં તો બ્રહ્માના લોકમાં જશે ને કાં તો કોઈક બીજા દેવતાના લોકમાં જશે પણ તે પુરૂષોત્તમ ભગવાનના ધામને વિષે નહિ જાય.

**પ્રમાણ- ૬ઃ** તે માટે પોતાને સાક્ષાત્ મળ્યું જે ભગવાનનું સ્વરૂપ તેને સદા દિવ્ય સાકાર મૂર્તિ ને સર્વ અવતારનું સ્વરૂપ તેને સદા દિવ્ય સાકાર મૂર્તિ ને સર્વ અવતારનું કારણ અવતારી એવું જાણવું અને જો એમ ન જાણે ને નિરાકાર જાણે ને બીજા અવતાર જેવા જાણે તો એનો દ્રોહ કર્યો કહેવાય. **(વચ. ગ.મ.૯)**

**૪. 'ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર' શાસ્ત્રોના પ્રમાણ (૬/૧૧૪)**

**પ્રમાણ- ૧ઃ** मूलजीशर्मणे दीक्षां ददानस्य प्रजायते । भूयान्मेऽत्र समानन्दो यतो धामाक्षरं स मे ॥
मुक्तैरनन्तैः साकं मे यत्राडखण्डतयोष्यते । उर्ध्वाधोभागरहितं तन्मूलं धाम चाक्षरम् ॥ (श्रीहरिलीलाकल्पतरुः७-१७-४९, ५०)
'આજે ભાદરામાં પ્રગટ થયેલા મૂળજી શર્મા જે અમારું મૂર્તિમાન અક્ષરબ્રહ્મ છે તેને દીક્ષા આપતાં મને અત્યંત આનંદ થાય છે. એ અક્ષરબ્રહ્મધામ અધો-ઊર્ધ્વ અને પ્રમાણે રહિત છે અને તેમાં હું મારા અનંત મુક્તો સાથે અખંડ રહું છું.'

**પ્રમાણ- ૨ઃ** 'વંદુ ગુણાતીતાનંદ સ્વામી, જેહી પર રીઝે અંતર્યામી;
ભગવદ્વાર્તા સતત કરહી ધ્યાન ધર્મનંદન કો ધરહી,
ઉત્તમકુલમાં ધરી અવતાર, શ્રીહરિ કાજ તજ્યો સંસાર;
રખે ધર્મપુનિ ધર્મ રખાવે, આદિ હી અક્ષર આપ કહાવે.' (પુરુષોત્તમ ચરિત્ર)

**પ્રમાણ- ૩ઃ** 'અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી, તેણે આપ્યાં વર્તમાન
પોતે પાળીને પછી પળાવ્યાં, જનને દઈ ઘણું જ્ઞાન
આવોજી અવતારી, આનંદકારી, પ્રીતમ જીવનપ્રાણ.'
ગુણાતીતાનંદ મૂળ અક્ષર ધ્યાની, શ્રીહરિનું મન શુકજી જ્ઞાની;
બેઉ મળી ઉતારે હરિની આરતી રે, આજે નટવરજીને નિરખી હરખ ઉરે અતિ રે. (કીર્તનકૌસ્તુભમાળા)

**પ્રમાણ- ૪ઃ** 'ધામ ધામી જ સાથે પધાર્યા, સ્વામી ને મહારાજ,
એકાંતિક ધર્મ સ્થાપવા બની, અલૌકિક જોડી આજ રે,
આવો હે અવિનાશી, સુખના રાશી, અક્ષરના આધાર,
દયાળુ તમે દયા કરી લાવ્યા, મૂળ અક્ષરને સાથ;
ગુણાતીતાનંદ નામ છે જેનું, પાડ્યું છે પોતે હો નાથ રે,
આવો હે અવિનાશી, સુખના રાશી, અક્ષરના આધાર.'

**પ્ર.૨ પ્રમાણ, સિદ્ધાંત કે કડી પરથી વિષયનું શીર્ષક આપો. (કુલ ગુણ : ૫)**

૧. मूर्तं तत्रास्ति कृष्णस्य सेवायां दिव्यविग्रहम् । **જ. અક્ષરબ્રહ્મ : સાકાર, મૂર્તિમાન, સદા દિવ્યવિગ્રહ. (૬/૧૦૬)**

૨. બ્રહ્મરૂપ તો એમ થવાય છે જે, આવા સાધુને બ્રહ્મરૂપ જાણીને મન કર્મ વચને તેનો સંગ કરે છે તે બ્રહ્મરૂપ થાય છે.

**જ. મોક્ષમાર્ગમાં અક્ષરબ્રહ્મની આવશ્યકતા (૬/૧૦૦)**

૩. 'જેવા એ સંત કહીએ શિરોમણિ, એવા હરિ સૌ શિરમોડ,
નિષ્કુળાનંદ નિહાળતાં ન જડે એ બેની જોડ,' **જ. અન્ય પરમહંસોએ કહેલો 'સ્વામી'નો અસાધારણ મહિમા (૬/૧૩૨)**

૪. 'નારી નયન શર જાહિ ન લાગા ઘોર ક્રોધ તમ નિશિ જો જાગા,
લોભ પાશ જેહિ ગર ન બંધાયા સો નર તુમ્હ સમાન રઘુરાયા.' **જ. ગુણાતીત સંતના લક્ષણો (૫/૮૩)**

૫. પ્રત્યક્ષ ભગવાનના કલ્યાણકારી ગુણને જે જાણવા ને પરમેશ્વરનો દૃઢ આશ્રય કરવો તેનું જ નામ ભક્તિ છે.
**જ. પ્રગટ ભક્તિનો મહિમા (૫/૬૮)**

**પ્ર.૩ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૪)**

☞ **નોંધ: એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. ફક્ત તમામ સાચા વિકલ્પ આગળ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ૨, ૩ (૩/૨૨)    ૨. ૧, ૨, ૪ (૬/૯૬)

**પ્ર.૪ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ એક વર્ણવી સિદ્ધાંત લખો. (કુલ ગુણ : ૪)**

☞ **નોંધ : પ્રસંગના ૩ ગુણ અને સિદ્ધાંતનો ૧ ગુણ આપવો.**

**૧. પાર્ષદો ઘાસ કાપવા ગયા (૬/૧૨૯)** શ્રીજીમહારાજે પોતાનાં સંતો તથા હરિભક્તોને વર્ષે એકવાર જૂનાગઢ જઈ ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવાની આજ્ઞા કરી હતી. તે મુજબ ગોપાળાનંદ સ્વામી એક વખત જૂનાગઢમાં વિરાજમાન હતા. મંદિરમાં ઢોર માટે ઘાસ કાપવા પાર્ષદો ડુંગરામાં જતા હતા. તેમને જતાં જોઈ ગોપાળાનંદ સ્વામીએ કહ્યું, 'ભેંસલા ડુંગરો પર વાદળો બેઠાં છે માટે વરસાદ ખૂબ થશે તમે બધા પલળી જશો. માટે ઘાસ લેવા જશો નહિ.' તેઓ પાછા વળ્યા ત્યાં તેમને રસ્તામાં ગુણાતીતાનંદ સ્વામી મળ્યા અને કહ્યું, 'ઠાકોરજીને ગાયનું દૂધ ભાવે છે તે ગાયો લીલું ઘાસ ખાધા વગર દૂધ ક્યાંથી આપશે ?' માટે જાઓ વરસાદ પછી પડશે. પાર્ષદો ગયાં ને ખરેખર વરસાદ ન પડ્યો. તેઓ પાછા આવ્યા પછી જોરદાર વરસાદ તૂટી પડ્યો. ગોપાળાનંદ સ્વામીએ જાણ્યું કે ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી તેઓ ઘાસ લેવા ગયાં હતા. અને સ્વામીએ પોતાની સામર્થીથી વરસાદ રોકી રાખ્યો હતો. ગોપાળાનંદ સ્વામી પણ ગ્રહોની ગતિ રોકી શકે તેવા સમર્થ સંત હતા. પણ ગુણાતીતાનંદ સ્વામીએ તેમનાથી વધારે સામર્થી બતાવી કહેતા ગોપાળાનંદ સ્વામીનું કહ્યું ફેરવ્યુ, તેથી ગોપાળાનંદ સ્વામી બોલી ઉઠ્યા, 'આ તો જોગીનું કામ છે, મારૂ કહ્યું તો એ જ ફેરવી શકે.' **સિધ્ધાંત :** ગોપાળાનંદ સ્વામી કરતાં ગુણાતીતાનંદ સ્વામીની સામર્થી અધિક છે તેવું તેમને સમજાયું. જે સમર્થ હોય તે બીજાની સામર્થીને ઓળખી શકે. જે અધિક સમર્થ હોય તે જ બીજાની સામર્થી (શક્તિ) રોકી શકે. (ફેરવી શકે)

**૨. યજ્ઞપુરુષદાસે ઢોલિયા નીચે સંતાઈને વાત સાંભળી. (૬/૧૩૧)** ઘનશ્યામ મહારાજની મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે આવેલા પ્રાગજી ભક્તની દૃષ્ટિ યજ્ઞપુરુષદાસ પર પડી તેમને 'ગુણાતીતાનંદ સ્વામી અક્ષર છે.' તેની પ્રતીતિ કરાવવા વિજ્ઞાનાનંદ સ્વામીને પ્રશ્ન કર્યો કે 'તમારા વખતમાં ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે એવી જે વાત થતી હોય તે આજે કરો.' પ્રાગજી ભક્તની આ વાત સાંભળી આગળ પાછળ કોઈ નથી તેની ખાતરી કરી સ્વામી બોલ્યા, 'સ્વામી મૂળ અક્ષર છે એ વાત મેં ઘણીવાર મહારાજ પાસેથી સાંભળી છે. વળી ગોપાળાનંદ સ્વામી પણ એ વાતનું ઘણું જ પ્રતિપાદન કરતાં તેથી એ વાત મારા જીવમાં છે.' આ સાંભળતા જ ઢોલિયા નીચે સંતાયેલા યજ્ઞપુરુષદાસે બહાર આવી કહ્યું, 'આ વાત તમે મને અત્યાર સુધી કેમ ન કહી ?' આ સાંભળી સ્વામીએ કહ્યું, 'હજુ મહારાજનું પુરુષોત્તમપણું આ સત્સંગમાં ઘણાને સમજાતું નથી તો આ વાતની ગેડ બધાને કેમ બેસે. પણ તમે આ વાત સાંભળી છે તો તે સાચી છે અને જીવમાં એ પ્રમાણે સમજી રાખશો.' **સિધ્ધાંત :** સાચી વાત હોવા છતાં પરમહંસો તે સમયમાં સંજોગોને અનુસાર કરી શકતા ન હતા.

**૩. સ્વામી ગામડે ફરવા જાઓ; શાંતિ થશે. (૫/૭૦)** મુક્તાનંદ સ્વામીએ એક વખત શ્રીજીમહારાજને શાંતિ પામવાનો ઉપાશ્રય પૂછયો. મહારાજે તેમનો પોતાના જન્મથી માંડીને બધાં ચરિત્રોની વાત કરી. પણ મુક્તાનંદ સ્વામીને સમજાયું કે મહારાજ બીજી વાતે ચડી ગયા છે. બીજે દિવસે ફરી પૂછ્યું ત્યારે મહારાજે ફરીથી પણ તે જ વાત કરી છતાં મુક્તાનંદ સ્વામીને કાંઈ સમજાયું નહિ. ત્યારે મહારાજે કહ્યું, 'સ્વામી ગામડે ફરવા જાઓ; શાંતિ થશે. મુક્તાનંદ સ્વામી ગઢડાથી મહારાજની આજ્ઞા પ્રમાણે નીકળી ગયા. નિત્યાનંદ સ્વામીને થયું કે મુક્તાનંદ સ્વામીને સમજાયું લાગતું નથી. તેથી તેમની પાછળ ગયા અને સમજાવ્યું કે શ્રીજીમહારાજ પ્રગટ ભગવાન છે અને પ્રગટ ચરિત્રોમાં શાંતિ છે તેવી ક્યાંય નથી. મહારાજને તમને આ સમજાવવું હતું તેથી પોતાનાં ચરિત્રોની વાત કરી હતી. મુક્તાનંદ સ્વામીને પાયાની ભૂલ સમજાઈ. અને પ્રગટ ભગવાનના ચરિત્રોમાં જ ચિત્ત જોડી દીધું. **સિદ્ધાંત :** પ્રગટ ભગવાનના ચરિત્રોમાં જ જેવી શાંતિ છે . તેવી ક્યાંય નથી.

**પ્ર.૫ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે વિષયનું વિવરણ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

☞ **નોંધ :- (૧) વચનામૃત, સ્વામીની વાતો કે અન્ય શાસ્ત્રને સંદર્ભરૂપે ન દર્શાવ્યા હોય પણ વિવરણ લખ્યું હોય તો સંપૂર્ણ સાચું આપવું. (૨) ગુણના પ્રમાણમાં સંદર્ભો અને પ્રસંગો હોય તો ચાલે, બધા જરૂરી નથી.**

**૧. પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ : એક અને અદ્વિતીય (૪/૪૬)** પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ સર્વોપરી, સર્વાવતારના અવતારી,

સર્વ કારણના કારણ અને સર્વના નિયંતા છે. અને તે ભગવાન સ્વામિનારાયણ છે. વળી તે એક અને અદ્વિતીય છે. અક્ષરપર્યંત પણ પરબ્રહ્મ થવા સમર્થ નથી. શ્રુતિમાં કહ્યું છે : 'एकमेवाद्वितीयं ब्रह्म' ભગવાન એક જ અને અદ્વિતીય છે. આ સિદ્ધાંતની સ્પષ્ટતા કરતાં શ્રીજીમહારાજ કહે છે, ''એ નારાયણ જેવા તો એક નારાયણ જ છે પણ બીજો કોઈ એ જેવો થતો નથી.'' **(વચ.લો.૧૩, કા.૮, કા.૧૦)** ''જે ભગવાન છે તે જેવા તો એ એક જ છે અને ભગવાનને ભજી ભજીને ઘણાક ભગવાનના સાધર્મ્યપણાને પામ્યા છે તો પણ તે ભગવાન જેવા તો થતા જ નથી.'' **(વચ.ગ.અં. ૩૯)** ''ભગવાનનું સ્વરૂપ પણ એક જ છે અને તે ભગવાન અતિ સમર્થ છે ને તે જેવા થવાને કાજે અક્ષરપર્યંત કોઈ સમર્થ થતો નથી, એ સિદ્ધાંત છે.'' **(વચ.લો.૪)** અર્થાત્ 'તે પરબ્રહ્મની સમાન કે તેથી અધિક કોઈ જણાતું નથી.' 'न तत्समश्चाप्यधिकश्च दृश्यते ।' **(શ્વેતાશ્વર ઉપનિષદ ૬/૮ તથા ભવસંભવસંહિતા ઉપનિષદ ૨/૨૪)**

**૨. શ્રીજીમહારાજના અંતર્ધાન થયા પછી પ્રગટપણું કેવી રીતે ? (૫/૭૮)** આ પ્રશ્નનો ઉત્તર શ્રીજીમહારાજે પોતે જ આપ્યો છે. જેને જ્ઞાનદૃષ્ટિ છે એવા ભક્તને મતે તો ભગવાન ક્યારેય પરોક્ષ થતા જ નથી. 'જેમ શ્રીકૃષ્ણ ભગવાને દેહ મૂક્યો ત્યારે એ ભગવાનની પત્નીઓ રુકમણિ આદિક જે હતી તે એ ભગવાનના દેહને લઈને બળી મરી, ત્યારે અજ્ઞાની હતા તેમણે તો એમ જાણ્યું કે હવે એ નાશ થઈ ગયા અને જે જ્ઞાની હતા તેણે તો એમ જાણ્યું જે અહીંથી અંતર્ધાન થઈ બીજે ઠેકાણે જણાણા છે.' **(વચ. પં. ૭)** પુરુષોત્તમ ભગવાન જે તે સર્વમાં કારણપણે અંતર્યામીરૂપે પ્રવેશ કરીને રહ્યા છે. પણ જેવા અક્ષરમાં છે તેવી રીતે પુરુષપ્રકૃતિમાં નથી ને જેવા પુરુષપ્રકૃતિમાં છે તેવા પ્રધાનપુરુષમાં નથી... તેમ એ પુરુષોત્તમ ભગવાન જે દ્વારે જેટલું કાર્ય કરાવવું હોય તેને વિષે તેટલી સામર્થિએ યુક્ત થકા રહે છે અને અક્ષર ને પુરુષ પ્રકૃતિ આદ્યે સર્વને વિષે પુરુષોત્તમ ભગવાન તે અંતર્યામી રૂપે રહ્યા છે. પણ પાત્રની તારતમ્યતાએ કરીને સામર્થિમાં તારતમ્યપણું છે. **(વચ.ગ.પ્ર. ૪૧)** આ રીતે સમ્યક્પણે સમગ્ર સામર્થિએ યુક્ત અક્ષરબ્રહ્મમાં જેવા ભગવાન રહે છે તેવા તો મુક્તાદિકમાં પણ નથી રહેતા. તેથી શ્રીજીમહારાજ અક્ષરબ્રહ્મ દ્વારા જ પૃથ્વી પર પ્રગટ રહે છે. વળી, આ સિધ્ધાંતને વધુ સ્પષ્ટ કરતાં વચનામૃતમાં શ્રીજીમહારાજે બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મની ભક્તિ કરવાનો આદેશ આપ્યો છે. તથા ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય કરવા માટે ધામરૂપ જે અક્ષર તે રૂપે પોતે રહીને પુરુષોત્તમની ઉપાસના કરવાનું કહ્યું છે. તેથી એ સિધ્ધ થાય છે કે ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય કરવા માટે ધામરૂપ અક્ષરનો પ્રસંગ અનિવાર્ય છે. વળી માયાનું કપટ ટાળીને ભગવાનના સ્વરૂપનો માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય કરવા માટે પણ અક્ષરબ્રહ્મ આવશ્યક છે. **(વચ. પં. ૭, ગ. મ. ૪૨)** કારણ કે જેવો ભગવાનનો મહિમા અક્ષરબ્રહ્મ જાણે તેવો બીજા કોઈ જાણી ન શકે. બીજા મુક્તના પ્રસંગથી નિર્વિકલ્પ નિશ્ચય સિધ્ધ થતો નથી. અને જો અક્ષરબ્રહ્મ વગર મુક્ત દ્વારા પણ ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય સિધ્ધ થતો હોત તો શ્રીજીમહારાજ અક્ષરબ્રહ્મને પોતાની સાથે પૃથ્વી ઉપર શા માટે લાવે ? શ્રીજીમહારાજ પૃથ્વી ઉપર અક્ષરબ્રહ્મ સાથે લાવ્યા છે, અને તેમની દરેકને ઓળખાણ પણ કરાવી છે તે જ બતાવે છે કે અક્ષરબ્રહ્મ થકી જ ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય સિધ્ધ થાય છે. વળી ગુણાતીતાનંદ સ્વામી પછી પણ અનંત જીવોને બ્રહ્મરૂપ કરીને અક્ષરધામની પ્રાપ્તિ કરાવવી એ હેતુ મહારાજનો છે. તેથી ફલિત થાય છે. કે પૃથ્વી ઉપર અક્ષરબ્રહ્મને પણ હંમેશા રહેવું જ જોઈએ કે જેમના દ્વારા શ્રીજીમહારાજ પ્રગટરૂપે સદાય વિચરે. વેદરસમાં પણ શ્રીજીમહારાજે કહ્યું છે, ''વેદ એ બ્રહ્મનું ગાન કરે છે. તે કલ્યાણનો માર્ગ પણ એ (બ્રહ્મ) થકી જ છે. **(વેદરસ પૃ. ૧૬૫)** બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સંસ્થા દ્વારા પ્રગટ થયેલા વચનામૃતમાં લખેલા આશીર્વાદમાં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે લખ્યું છે, 'તેમાં (વચનામૃતમાં) મોક્ષનું દ્વાર સંતને જ કહેલા છે તે અનાદિ સંત મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીને મહારાજે કહ્યા છે. અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીએ વાતોમાં કહ્યું છે, 'અક્ષરધામનો મુક્ત હોય ને સ્વતંત્ર થકો અહીં આવ્યો હોય ને સ્વતંત્ર થકો જાય એવો હોય, પણ એને સત્પુરુષનો સંગ ન હોય તો જડ સંજ્ઞાને પામી જાય છે.' **(સ્વા. વા. ૩-૭૩)** આવા મોટા મુક્ત, આટલી સામર્થિએ યુક્ત હોવા છતાં પણ જે સત્પુરુષના સમાગમની તેમને અપેક્ષા રહે છે તે તો ગુણાતીત જ હોઈ શકે, કારણ કે ગુણાતીત કહેતાં અક્ષરબ્રહ્મને એક શ્રીજીમહારાજની જ અપેક્ષા છે, બીજા કોઈની નથી. એ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી દ્વારા જ શ્રીજીમહારાજ આ લોકમાં પ્રગટ રહ્યા. મહારાજના અંતર્ધાન થયા પછી તેમના ભૌતિક દેહનો-ધ્રોને જોઈને વિચાર આવ્યો કે 'આ ધ્રોનું જીવન જળ છે. તેથી કેવી લીલી પલ્લવ છે. જ્યારે આપણું જીવન મહારાજ હતા તે તો ગયા.' આ વિચાર આવતાં જ મૂર્છા આવી ગઈ અને પડી ગયા. તરત જ શ્રીજીમહારાજે દર્શન આપી સ્વામીને ઉઠાડ્યા અને તેમને ભેટીને કહ્યું, 'સ્વામી શોક માટે કરો છો ? હું ક્યાં ગયો છું. હું તો તમારામાં અખંડ રહ્યો છું.' એમ ત્રણ વખત કહ્યું. એ રીતે શ્રીજીમહારાજે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી દ્વારા પોતાનું પ્રગટપણું રાખીને અનેક મુમુક્ષુને પોતાના સંબંધનું સુખ આપીને અક્ષરધામના અધિકારી બનાવ્યા. સ્થૂળરૂપે મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીના અંતર્ધાન થયા પછી પણ શ્રીજીમહારાજ અક્ષરબ્રહ્મની પરંપરા દ્વારા પ્રગટ રહ્યા છે, કારણ કે સ્વામીએ પોતે જ કહ્યું છે : 'હું ચિરંજીવી છું ને તમારા બધાના દેહ પાંચ દસ વરસમાં પડી જશે.' **(સ્વા. વા. ૫/૬૭)** એ જ ગુણાતીત - ગુરુપરંપરામાં બ્રહ્મરૂપ ભગતજી મહારાજ, બ્રહ્મરૂપ શાસ્ત્રીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ દ્વારા શ્રીજીમહારાજ પ્રગટ રહ્યા અને વર્તમાનકાળે પરમ પૂજ્ય પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રમુખસ્વામી મહારાજ દ્વારા પ્રગટ રહીને પોતાની મૂર્તિનું સુખ આપી રહ્યા છે.

**૩. શ્રીજીમહારાજ સર્વોપરીપણું : 'સ્વામીની વાતોના આધારે'** (૪/૩૫) શ્રીજીમહારાજ પોતાના સ્વરૂપની સર્વોપરી નિષ્ઠા જીવોને દૃઢ કરાવવા માટે જ પોતાનું અક્ષરધામ અને ચૈતન્યમૂર્તિ પાર્ષદો સાથે લાવ્યા હતા. (વચ.ગ.પ્ર. ૭૧) શ્રીજીમહારાજના શબ્દો

પ્રમાણે, પોતે જેવા અક્ષરમાં છે તેવા પ્રકૃતિ પુરુષાદિકમાં નથી. એટલે અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી જેવો અને જેટલો મહારાજનો મહિમા કહી શકે, તેવો અને તેટલો મહિમા બીજા કોઈ કહી શકે નહી. સ્વામીની વાતુમાં પણ કેસરી સિંહના નાદ સમા શબ્દોના પડછંદા (બળભર્યા શબ્દો) સંભળાય છે. તેમની વાતોના શબ્દે શબ્દે શ્રીજીમહારાજનાં સર્વોપરી સ્વરૂપનું નિરૂપણ કરે છે. સ્વામીને કોઈ પૂછે કે શ્રીજીમહારાજના સર્વોપરી મહિમાની વાતો તો શાસ્ત્રોમાં નથી, તો તેઓ કહેતા કે શાસ્ત્રમાં વાત ક્યાંથી હોય ? જન્મ થયા મોર શાદી(લગ્ન) કયાંથી લખાય ? તેમ પુરૂષોત્તમ આ બ્રહ્માંડમાં આવ્યા નહોતા એટલે તેમની વાત શાસ્ત્રમાં ક્યાંથી લખાણી હોય ! આથી જ ગોપાળાનંદ સ્વામી કહેતા કે પેટ ભરીને પૂરેપૂરી (ભગવાનની મહિમાની) વાતો તો જૂનાગઢમાં જ થાય છે. સ્વામીની વાતુ : (૧) આજ તો પુરૂષોત્તમ, અક્ષર ને અક્ષરના મુક્તે સહિત પધાર્યા છે. તે ભેળા અનંત ધામના ભગવાન તેમના મુક્તે સહિત આવ્યા છે. શા સારું તો પોત પોતાની ખોટ કાઢવા ને પુરૂષોત્તમનું સ્વરૂપ સમજવા અહીં આવ્યા છે. (સ્વા.વા. ૩/૪૧) (૨) બીજું અધિક કાંઈ સમજવાનું નથી ને એટલું જ સમજવાનું છે જે મહારાજને પુરૂષોત્તમ જાણવાને આ સાધુને અક્ષર જાણવા. (સ્વા.વા. ૩/૩૮) (૩) મહારાજને પુરૂષોત્તમ જાણ્યા વિના અક્ષરધામમાં જવાય નહિ ને બ્રહ્મરૂપ થયા વિના મહારાજની સેવામાં રહેવાય નહિ. ત્યારે શિવલાલે પ્રશ્ન પૂછયો જે પુરૂષોત્તમ કેમ જાણવા ? ને બ્રહ્મરૂપ કેમ થવાય ? ત્યારે કહ્યું જે મહારાજ તો સર્વોપરી ને સર્વ અવતારના અવતારી સર્વ કારણના કારણ છે. તે ઉપર મધ્યનું નવમું ને છેલ્લાનું આડત્રીસમું વચનામૃત વંચાવીને કહ્યું જે, આજ તો સત્સંગમાં સાધુ, આચાર્ય ને મૂર્તિયું તે સર્વોપરી છે, તો મહારાજ સર્વોપરી હોય તેમાં શું કહેવું ? એ તો સર્વોપરી છે એમ જ સમજવું. (સ્વા.વા. ૩/૧૨)

(૪) અવતાર માત્ર તો ચમકપાણ જેવા છે. તેમાં કેટલાક તો મણ જેવા છે ને કેટલાક તો દશ મણ જેવા છે... ને લાખ મણ ચમક હોય તો આખા પરગણાના લોઢાને તાણે, આજ તો બધો ચમકનો પર્વત આવ્યો છે. નહિ તો બધુ બ્રહ્માંડ તણાય કેમ ? એમ વાત કરીને બોલ્યા જે પૂર્વના અવતારમાં જેમાં જેટલું ઐશ્વર્ય છે તેમાં તેટલા જીવ તણાય છે. આજ તો સર્વ અવતારના અવતારીને સર્વ કારણના કારણ એવા જે પુરૂષોત્તમ તે જ પધાર્યા છે. ને તેને જોઈને તો અનંત ધામના પતિ તે ધામના મુક્ત તે મહારાજની મૂર્તિને વિષે તણાઈ ગયા, જેમ ચમકના પર્વતને દેખીને વહાણના ખીલા તણાઈ જાય છે તેમ. **(સ્વા.વા. ૩/૪)** (૫) વાદી, ફૂલવાદી ને ગારડી, તેમાં વાદી હોય તે તો ગરીબ સાપ હોય તેને ઝાલે, ને ફૂલવાદી હોય તે તો હાથ આવે તો ઝાલે, નહિ તો લૂગડાના છેડાને વળ દઈને મારી નાખે, ને ગારડી હોય તેને આગળ તો ગમે તેવો મણિધર હોય તે પણ ડોલ્યા કરે. એ તો દૃષ્ટાંત છે. એનું સિધ્ધાંત તો એ છે જે, દત્તાત્રેય, કપિલ તે તો વાદીને ઠેકાણે છે. તે તો મુમુક્ષ હોય તેનું કલ્યાણ કરે ને રામચંદ્ર ને શ્રીકૃષ્ણ તે તો ફૂલવાદીને ઠેકાણે છે, તે તો પોતાનું વચન માને તેનું કલ્યાણ કરે ને ન માને તો તરવારે સમાધાન કરીને કલ્યાણ કરે ને મહારાજ તો ગારડીને ઠેકાણે છે ને તેમની આગળ તો જીવ, ઈશ્વર, પુરૂષ ને અક્ષરાદિક તે સર્વે હાથ જોડીને ઊભા છે. **(સ્વા.વા. ૩/૫)** (૬) પૂર્વે મોટા મોટા અવતાર થઈ ગયા છે, તે કરતાં તો આ સત્સંગીના છોકરા સામુ જોઈએ છીએ ત્યાં તો કરોડ કરોડ ગણું અધિક દૈવત જણાય છે. તો મોટા મોટા હરિભક્તને મોટા મોટા સાધુ અને મહારાજનો મહિમા તો કહેવાય જ કેમ ? **(સ્વા.વા. ૩/૭૨)** (૭) એમ તો પહેલાં ગણેશને પ્રભુ કહે છે, બ્રહ્મા, વિષ્ણુને શિવને કહે છે. અનિરૂધ્ધ, પ્રદ્યુમ્નન સંકર્ષણને કહે છે. ત્યારે એમાંથી કેને પ્રભુ માનવા ? ત્યારે એનું તો એમ છે જે જીવની કોટિયું, ઈશ્વરની કોટિયું, બ્રહ્માની પણ કોટિયું ને કોટિયું છે. એ સૌના કારણ તો મહારાજ પોતે એમ સમજે ત્યારે મજકૂર મળ્યું કહેવાય ને અનંત કોટિ રામ, અનંત કોટિ કૃષ્ણ ને અનંત કોટિ અક્ષરમુક્ત એ સર્વેના કર્તા, સર્વના આધાર, સર્વના નિયંતા ને સર્વના કારણ મહારાજને સમજે ત્યારે જ્ઞાન થઈ રહ્યું. **(સ્વા.વા. ૬/૨૫૭)** (૮) પુરૂષોત્તમના ભક્તમાં ને બીજા અવતારના ભકતમાં કેમ ભેદ છે ? તો જેમ હાથણી વિયાય ત્યારે તેને ભેંસ જેવડું બચ્ચું આવે ને જૂ વિવાય ત્યારે તેને લીખ આવે એમ ભેદ છે. **(સ્વા.વા. ૨/૧૦૮)** (૯) શ્રીકૃષ્ણે કેટલું જ્ઞાન કર્યું ત્યારે એક ઉદ્ધવે ત્યાગ કર્યો ને આજ તો વીશ વીશ વરસના સંસાર મૂકીને ચાલ્યા આવે છે. ને પૂર્વે શાસ્ત્રમાં સ્ત્રી તો કોઈએ ત્યાગી નથી. ને આજ તો હજારો બાઈયું ત્યાગ કરે છે, ને પૂર્વે ભગવાન બે-ત્રણને તેડવા આવ્યા છે. તે શાસ્ત્રમાં લખ્યું છે.ને આજ તો ઘરોઘર ભગવાન તેડવા આવે છે, ને બીજા અવતાર મોટા મોટા તે પારસમણિ જેવા છે ને પુરૂષોત્તમ તો ચિંતામણી છે. **(સ્વા.વા. ૩/૧૭૧)** (૧૦) આ ઉપરાંત અનેક પ્રસંગે સ્વામીએ વાતો કરતાં અવતાર અવતારીનો ભેદ સમજાવતાં કહ્યું છે : તીર અને તીરનો નાખનારો જેમ જુદા છે, તીરનો નાખનાર તીરનું કારણ છે તેમ સમજવું. પણ ભવાયો જેમ જુદા જુદા વેશ કાઢે છે. તેમ અવતાર-અવતારીનો ભેદ નથી. વળી, જેમ ચક્રવર્તી રાજા અને ખંડિયા રાજા વચ્ચે ભેદ છે તેમ અવતાર અવતારીનો ભેદ સમજવો. પણ અવતાર બધા સરખાને સાધુ બધા સરખા એ સમજણ તો શાસ્ત્ર વિરુધ્ધ છે. (૧૧) એક થી તે લાખ બકરાં બોલે પણ બીક ન લાગેને એક કેસરી સિંહ બોલે તે બધાયના અંતર ભેદાઈ જાય ને હાથીના કુંભ સ્થળ ફાટી જાય, તેમ મહારાજને અવતારાદિક જેવા કહે તેમાં કોઈને થડકો લાગે નહિ પણ અવતારાદિક સર્વે મહારાજનું દીધું ઐશ્વર્ય ભોગવે છે ને ભજી ભજીને એવા થયા છે, એમ જે કહેવું તે તો કેસરી સિંહના નાદથી જેમ હાથીનાં કુંભ સ્થળ ફાટે તેવું કઠણ પડતું છે. **(સ્વા.વા. ૫/૧૯૮)**

**૪. બ્રહ્મરૂપ થવાની આવશયકતા** (૬/૯૮) મોક્ષ માર્ગમાં સાધકને બ્રહ્મરૂપ થવાની આવશ્યક્તા છે કારણ કે (૧) **પુરુષોત્તમની ભક્તિના અધિકારી થવા માટે :** ભગવાનની ભક્તિ તો દરેક મુમુક્ષુ કરે છે પરંતુ ભગવાનની ભક્તિનો ખરો અધિકાર બ્રહ્મરૂપ થાય તેને જ છે તેમ શ્રીજીમહારાજ વચનામૃત લો. ૭ માં જણાવે છે. 'જે બ્રહ્મરૂપ થયો તેને જ પુરુષોત્તમની ભક્તિનો અધિકાર છે.' શ્રીકૃષ્ણ ભગવાન ગીતામાં પણ આ સિદ્ધાંતનું પ્રતિપાદન કરતાં જણાવે છે. બ્રહ્મભૂતઃ પ્રસન્નાત્મા ન શોચતિ ન કાક્ષતિ । સમઃ સર્વેષુ ભુતેષુ મદ્‌ભક્તિ લભતે પરામ્ ॥ અર્થાત્ જે બ્રહ્મરૂપ થયો છે અને જેનું મન સદા પ્રસન્ન છે અને જે કોઈ પ્રકારનો શોક કરતો નથી, તેમ કોઈ પદાર્થને ઈચ્છતો નથી, સર્વભૂતમાં જેને સમભાવ છે, તે પુરૂષ મારી પરાભક્તિને પામે છે. (ગીતા- ૧૮-૫૪)

(૨) **નિર્વિઘ્ન ભક્તિ માટે :** શ્રીજીમહારાજ વચનામૃતમાં નિર્વિઘ્ન ભક્તિનો માર્ગ ચીંધતા કહે છે : એવી સ્થિતિમાં શિવજી નો'તા

વર્તતા તો મોહિની સ્વરૂપમાં મોહ પામ્યા અને એવી સ્થિતિમાં બ્રહ્મા નો'તા વર્તતા તો સરસ્વતી ને દેખીને મોહ પામ્યા અને એવી સ્થિતિમાં નારદજી નો'તા વર્તતા તો પરણ્યાનું મન થયું અને ઈન્દ્ર તથા ચંદ્રાદિક તેમને જો એવી સ્થિતિ નો'તી તો કલંક લાગ્યા. **(વચ. ગ.પ્ર. ૨૩)** માટે જ જો ભગવાનની ભક્તિ નિર્વિઘ્નપણે કરવી હોય તો અક્ષરબ્રહ્મના સાધર્મ્યપણાને પામવું જ પડશે. નહિ તો ભક્તિમાર્ગમાંથી પડી જવાનો ભય રહેશે. કારણ કે જો બ્રહ્મરૂપ ન થાય તો ત્રણ દેહ, ત્રણ ગુણ અને ત્રણ અવસ્થાના ભાવ સાથે એકાકાર થઈ જવાય અને પંચવિષયમાં આસક્ત થઈ જવાય અને ભગવાનને વિષે પણ બુદ્ધિમાં પ્રાકૃત ભાવ પેસી જાય. મુમુક્ષુ માટે સૌથી મોટાં બે વિઘ્નો છે કંચન અને કામિની તેનાથી મુક્ત, અલિપ્ત રહેવાનો ઉપાય દર્શાવતા **(વચ. ગ.મ. ૩૦)** શ્રીજીમહારાજ કહે છે, 'સોનું ને સ્ત્રી એ બે અતિ બંધનકારી છે અને એ બે પદાર્થનું બંધન તો ત્યારે ન થાય, જ્યારે પ્રકૃતિપુરૂષ થકી પર એવું જે શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ તેને જ એક સત્ય જાણે ને તે બ્રહ્મને જ પોતાનું સ્વરૂપ માને ને તે બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મ એવા જે ભગવાન તેનું ભજન કરે.' ગુણાતીતાનંદ સ્વામી પણ પોતાની વાતુમાં આ વાત સમજાવતાં કહે છે. 'બ્રહ્મરૂપ થાવું તેમાં કોઈ દોષ ન મળે,' **(સ્વા.વા. ૧-૧૪૧)** निजात्मानं ब्रह्मरूपम् એ આજ્ઞા પાળે તો..... કારણ દેહનો નાશ થાય. **(સ્વા. વા. ૫/૭૨)** માટે ભક્તિમાર્ગમાં કોઈ પણ પ્રકારનું વિઘ્ન ન આવે તે માટે દેહભાવ ટાળીને બ્રહ્મરૂપ થવું અત્યંત આવશ્યક છે. **(૩) આત્યંતિકી મુકિત માટે :** પ્રજાપતિ આદિથી લઈને જગતના જે સૃષ્ટા છે તે પણ વારંવાર સૃષ્ટિ ભેળા ઉત્પન્ન થાય છે ને પાછા અંતે માયાને વિષે લીન થાય છે તે શા સારુ તો તેમની સમજણમાં ભૂલ છે. (વચ. અશ્લાલી) એમ કહીને એમની ચાર ભૂલોમાંથી બીજી ભૂલ બતાવતાં શ્રીજીમહારાજ કહે છે, 'બીજું અક્ષરરૂપ થઈને જે શ્રી પુરૂષોત્તમનારાયણની સેવા કરવી તે જ મુક્તિ છે એમ નથી માનતા એ ભૂલ છે.' આ ઉપરથી ફલિત થાય છે કે આત્યંતિક મુક્તિ માટે સમર્થ એવા પ્રજાપતિ આદિક જગતના સ્વપ્નષ્ટાઓને પણ બ્રહ્મરૂપ થવાની આવશ્યક્તા હોય તો પછી આપણી તો શું વિસાત ? તેથી શ્રીજીમહારાજ કહે છે, 'માટે બ્રહ્મરૂપ થઈને જે પરબ્રહ્મની ભક્તિ ન કરે તો તે, પણ આત્યંતિક કલ્યાણને ન પામ્યો કહેવાય.' **(વચ. લો. ૭)**

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈ પણ બે વિષે કારણો આપી સમજાવો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- વચનામૃત, સ્વામીની વાતો કે અન્ય શાસ્ત્રને સંદર્ભરૂપે ન દર્શાવ્યા હોય પણ વિવરણ લખ્યું હોય તો સંપૂર્ણ સાચું આપવું.**

**૧. શ્રીજીમહારાજે રાવણાદિક અસુરોનો સંહાર નોતો કર્યો છતાં પરમહંસો તેમને ભગવાન માનતા. (૪/૫૩)**

પરમહંસો મહારાજના શબ્દ છળમાં લોભાય તેવા ન હતા. તેઓનો નિશ્ચય અડગ હતો. તેઓએ મહારાજને કહ્યું, ''તમે ભલે અસૂરોનો સંહાર નથી કર્યો પણ તે અસૂરો તો કામ, ક્રોધ, લોભ, મોહ, ઈર્ષા, અસૂયા, અભિમાન જેવા દોષોથી હણાયેલા હતા. એ દોષો તો એવા છે કે સ્વર્ગલોક, વિધિલોક કે વૈકુંઠથી પણ પાડી નાખે. તમે અમારા એ દોષો સાવ નિર્મૂળ કર્યા, 'માટે એને દિયે વિદારી તે તો અવતારના અવતારી' (ભ.ચિં. ૧૦૫) તમે દૈવી જીવોને તો તાર્યા પણ અસૂરી જીવોને પણ તાર્યા. તમે ભલે સમુદ્ર પર સેતુ નથી બાંધ્યો પણ ભવસાગર પર સેતુ બાંધી અક્ષરની વાટ વહેતી મૂકી છે, સાથે **અમને માયામાંથી મુક્ત કરી વિહદ એવું અક્ષરધામ તેની પ્રાપ્તિ કરાવી છે.** તેથી પરમહંસો મહારાજને ભગવાન માનતા હતા.

**૨. શાસ્ત્રીજી મહારાજ કહેતા, 'આપણે તો અક્ષરપુરુષોત્તમના બળદિયા છીએ.' (૫/૯૪)**

ગુણાતીત સંત શ્રીજીમહારાજને સદા સ્વામી-સેવકભાવે ઉપાસે છે. ગુણાતીતાનંદ સ્વામીએ વાતુમાં પોતાને સર્વના સ્વામી પણ પુરુષોત્તમના દાસ કહ્યા છે. સદ્. બ્રહ્માનંદ સ્વામીએ લખ્યું છે,

'સામ્રથ પાય કબુ નહિ છલકત, જ્યું ઉદધિ કે તોય,
બ્રહ્માનંદ કહ્યો શ્રીમુખસે, એસો જન પ્રિય મોય.'

શ્રીજીમહારાજ કહે છે, 'એ નારાયણને લઈને બ્રહ્મા, શિવ, નારદ, સનકાદિક એ સર્વેને ભગવાન કહેવાય. મુક્તાનંદ સ્વામી એમને પણ ભગવાન જેવા કહેવાય અને એ નારાયણને લીધા વિના તો અક્ષરને પણ ભગવાન ન કહેવાય. તો બીજાની શી વાર્તા કહેવી.' **(વચ. લોયા ૧૩)** ગુણાતીત સંત કદી પોતે ભગવાન થઈ જતા નથી. પણ તેમાં ભગવાનનો સાક્ષાત્કારપણે સમ્યક્ રીતે વાસ છે. તેથી તેમનાં દર્શને ભગવાનનું દર્શન થાય છે. તાત્ત્વિક રીતે તો બ્રહ્મ થકી પરબ્રહ્મ જે પુરુષોત્તમ નારાયણ તે નોખા છે ને એ બ્રહ્મના પણ કારણ છે ને આધાર છે ને પ્રેરક છે. **(વચ. ગ.મ. ૩)** આપણી ગુરુપરંપરામાં પણ કોઈએ ભગવાન હોવાનો કે થવાનો ક્યારેય સ્વપ્નમાં પણ દાવો કર્યો નથી. વરતાલની સભામાં ગુણાતીતાનંદ સ્વામીના અપમાનના પ્રસંગમાં કોઈએ કહ્યું, 'ગુણાતીતાનંદ સ્વામીને ભગવાન થવું છે.' તો તે વખતે તેઓ નિધડકપણે બોલ્યા, 'કોઈનાથી ભગવાન થવાતું નથી. ભગવાન તો એક શ્રીજીમહારાજ છે. મને કોઈ ભગવાન કહેશે તો ગધેડો લેખાશે.' શાસ્ત્રીજી મહારાજ પણ કહેતા, 'આપણે તો અક્ષરપુરુષોત્તમના બળદિયા છીએ.' વળી, પોતે કહેતા ભગવાન તો શ્રીજીમહારાજ છે. મને કોઈ ભગવાન માની ને ભજન કરશે તે નરકના અધિકારી થશે.

**૩. આપણે રાવણ કે શૂર્પણખા જેવા ભક્ત ન થાવું પણ વિભિષણ જેવા ભક્ત થવું. (૬/૧૧૩)**

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે ભક્તે સહિત ભગવાનની ભક્તિ કરવી તેમ જણાવે છે. શાસ્ત્રીજી મહારાજ ઘણી વખત કહેતા કે આપણે રાવણ જેવા ભક્ત ન થવું કે જેણે ભગવાનનો દ્રોહ કર્યો અને શૂર્પણખા જેવા ભક્ત ન થવું કે જેણે ભક્તનો દ્રોહ કર્યો. રાવણે ભગવાનનો દ્રોહ - તેથી માથું કપાયું - શૂર્પણખાએ ભક્તનો દ્રોહ - તેથી નાક - કાન કપાયા. પરંતુ વિભીષણ જેવા ભક્ત થવાનું કહેતા કે જેમની સમજણ ભક્તે - સહિત ભગવાન અને તેમના મુક્તો સાથે હેત આવી હતી. 'રામ લક્ષ્મણ જાનકી જય બોલો હનુમાન કી' ધામ, ધામી મુક્ત એટલે કે ઉત્તમ ભક્ત, ભગવાન અને તેમના મુક્તો તેમાંથી કોઈ એકનો પણ દ્રોહ ન કરવો.

**૪. સર્વ કર્તા-હર્તા સમજવાની આવશ્યકતા (૨/૭)**

કલ્યાણને અર્થે તો ભગવાનને સર્વ કર્તા-હર્તા જાણવા એ જ છે. **(ગ.મ. ૨૧)** જીવનું કલ્યાણ તો આટલી જ વાતમાં છે જે, પ્રકટ પ્રમાણ એવા જે શ્રીકૃષ્ણ નારાયણ તેનું જ કર્યું સર્વ થાય છે પણ કાળ, કર્મ, માયાદિક કોઈનું કર્યું કાંઈ થતું નથી. એવી રીતે ભગવાનને વિષે જ એક કર્તાપણું સમજવું એ જ કલ્યાણનું પરમ કારણ છે અને જે જીવ ભગવાનને સર્વ કર્તા-હર્તા નથી જાણતો તો તેથી બીજો પાપી કાંઈ નથી. અને ગૌહત્યા, બ્રહ્મહત્યા, ગુરુસ્ત્રીનો સંગ તથા બ્રહ્મવેત્તા સદ્‌ગુરુનો દ્રોહ તે થકી પણ એને વધુ પાપી જાણવો, કાં જે ભગવાન વિના બીજા જે કાળક્રમાદિક તેને એ કર્તા જાણે છે, માટે એવો જે નાસ્તિક ચાંડાળ તોય તેની તો છાયામાં પણ ઊભું રહેવું નહિ. **(કા.૧૦)** વળી, ભગવાન સર્વના કર્તા-હર્તા છે. તેનો ત્યાગ કરીને કેવળ, કાળ, કર્મ સ્વભાવ અને માયા તેને જગતના કર્તા-હર્તા કહે છે માટે એ ભગવાનનો અતિદ્રોહ છે. **(વર. ૨)** માટે સાચો ઉપાસક છે તે ભગવાનને કાળ જેવા ન જાણે, કર્મ જેવા ન જાણે, સ્વભાવ જેવા ન જાણે, માયા જેવા ન જાણે, પુરુષ જેવા ન જાણે, અને સર્વ થકી ભગવાનને જુદા જાણે અને એ સર્વના નિયંતા જાણે અને સર્વના કર્તા જાણે અને એ સર્વેને કર્તા થકા પણ એ નિર્લેપ છે એમ ભગવાનને જાણે. **(ગ.પ્ર.૬૨)** પૂર્ણ પુરુષોત્તમ શ્રી ભગવાન સ્વામિનારાયણના અનન્ય આશ્રયથી જ નિર્ભય થવાય છે. આ જગતમાં જે કાંઈ થાય છે તેના કર્તા ભગવાન જ છે એવી દૃઢ સમજણ હોય તો ભક્તને કાળ, કર્મ, માયા કે બીજો કોઈ દેવ, દેવી કે મંત્ર, તંત્ર વગેરેનો ભય ન રહે. એવી નિર્ભય સ્થિતિ હોય તો જ બ્રહ્મને પમાય છે. સુખ-દુઃખમાં પણ. ભગવાનના કર્તાપણાની દૃઢ સમજણથી જ સ્થિર મતિ રહે છે. તેથી ગુણાતીતાનંદ સ્વામી કહે છે, ‘જો માર માર કરતો કોઈ આવતો હોય તો એમ સમજવું જે મારા સ્વામીનું જ કર્યું સર્વે થાય છે પણ તે વિના કોઈનું હલાવ્યું પાંદડું પણ હલતું નથી. **(સ્વા.વા. ૧/૮૮)** ભગવાનના કર્તાપણાની સમજણની દૃઢતા કરવાથી તેમની આજ્ઞા પાળવાનું બળ મળે છે. ક્યારેક વિપરિત દેશકાળમાં અંતરની અતિ દૃઢતા હોવા છતાં કોઈ આજ્ઞાનો લોપ થઈ જાય તો પણ આ નિશ્ચયના બળે તેના અંતરમાં ઝાંખપ આવતી નથી. અને તેથી જ ભગવાનને વિષે કર્તાપણાની સમજણ દૃઢ કરવી તે ઉપાસનાનો પ્રાથમિક સિદ્ધાંત છે.

**પ્ર.૭ ઉપાસનામાં શું સમજવું ? અને શું ન સમજવું ? તેના આધારે નીચે આપેલાં વાક્યોની પૂર્તિ કરો. (કુલ ગુણ : ૭)**

**(ઉપાસનામાં શું સમજવું ?) (૧૪૨-૧૪૩)**

**☞ નોંધ : વાક્ય પૂર્તિની બાજુમાં કૌંસમાં આપેલા અંક વાક્ય પૂર્તિના નંબર છે. જે પરીક્ષાર્થીએ લખવા જરૂરી નથી.**

૧. શ્રીજીમહારાજ સદાય પોતાના અક્ષરધામની મધ્યમાં સિંહાસન ઉપર અનંત કોટિ મુક્તોએ સેવ્યા થકા વિરાજમાન છે. પોતે ધામમાં રહ્યા થકા અનંત કોટિ બ્રહ્માંડોમાં પ્રકાશી (રૂપ ધરી) શકે છે. તેઓ જે કાંઈ ગ્રહણ કરે તેને અમાયિક અને નિર્ગુણ કરી મૂકે છે. (૪)

૨. અન્ય અવતારો પુરુષોત્તમની પ્રેરણા અને પ્રવેશથી જ થાય છે. તેઓ તો પુરુષોત્તમની જ ઉપાસના કરે છે. એટલે કે અન્ય અવતારો અને સર્વાવતારી પુરુષોત્તમ નારાયણ વચ્ચે અવતાર-અવતારી એવો સ્પષ્ટ ભેદ છે. (૬)

૩. અક્ષરબ્રહ્મ એક જ છે છતાં તેનાં બે સ્વરૂપો છે. એક તો નિરાકાર એક-રસ ચૈતન્ય છે. તેને ચિદાકાશ કહીએ અને બીજે રૂપે કરીને પુરુષોત્તમનારાયણની સેવામાં નિત્ય સેવક રૂપે રહે છે. (૮)

૪. શ્રીજીમહારાજ પૂર્ણપુરુષોત્તમ નારાયણ પરબ્રહ્મ, સર્વોપરી, સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ, સર્વકર્તા, સદા સાકાર, સર્વજ્ઞ, પ્રગટ અને દિવ્ય છે. (૨)

**(ઉપાસનામાં શું ન સમજવું ?) (૧૪૪-૧૪૫)**

૫. શ્રીજીમહારાજની ચાખડી, ડગલી, ગોદડી, ઓરડી વગેરે સંબંધવાળી વસ્તુઓ મૂળ અક્ષરબ્રહ્મ છે, તેમ ન સમજવું. (૧૧)

૬. જીવાત્મા અને પરબ્રહ્મ જુદા નથી (એક જ છે), તેમ ન સમજવું. (૬)

૭. પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંત વગર કેવળ મૂર્તિ કે શાસ્ત્રને આશરે બ્રહ્મરૂપ-એકાંતિક થઈ શકાય છે, તેમ ન સમજવું. (૧૩)

**પ્ર.૮ ટૂંકનોંધ લખો.** શ્રીજીમહારાજે કહેલો ગુણાતીતાનંદ સ્વામીનો અસાધારણ મહિમા. (૬/૧૧૯) **(કુલ ગુણ : ૫)**

૧. જુઓ, આ અમારા તિલક. આ જેવા કોઈ સાધુ નહિ ને હું જેવો કોઈ ભગવાન નહિ.

૨. તેમના તો નિરંતરના જામીન અમે છીએ.

૩. એમની આસનથી મોટપ નથી, તેમની મોટપ તો અનાદિની છે.

૪. એ સાધુ સ્વાદ તો મારી મૂર્તિનો લે છે - અમારી પાછળ જેટલા મનુષ્યો ફરે છે તેટલા માણસ તેમની પાછળ પણ ફરે.

૫. સ્વામી ભેગા જે જૂનાગઢ જશે તેની કરોડ જન્મની કસર એક જ જન્મે અમે ટાળીશું.

૬. જૂનાગઢના નવાબ હામદખાનજીને ‘અમારાથી નહિ રહેવાય, પણ અમારા જેવા અહીં રાખીશું.

૭. સંપ્રદાયના આશ્રિત સંતોને જૂનાગઢ દર વર્ષે એક માસ રહેવાની આજ્ઞા કરી હતી.

‘વળી, સંતને આપી આગન્યા રે, રે'વું નહિ આંહી આવ્યા વિના રે;
વરસો વરસ એક માસ રે, કરવો આ મંદિર માંહી વાસ રે.’ (નિ.કા. પુરુષોત્તમપ્રકાશ-૩૨)

૮. શ્રીજીમહારાજે સ્વધામ પધારવાનો સંકલ્પ કર્યો ત્યારે મહારાજ સ્વામીને એકાંતમાં મળી બોલ્યા,

‘મીઠા વ્હાલા કેમ વિસરું, મારું તમથી બાંધેલ તન હો,
તરસ્યાને જેમ પાણીડું વ્હાલું, ભૂખ્યાને ભોજન હો.... મીઠા’

**(વિભાગ - ૨ સત્સંગ વાચનમાળા ભાગ ૩, છઠ્ઠી આવૃતિ માર્ચ - ૨૦૦૬,**
**યુગવિભૂતિ પ્રમુખસ્વામીમહારાજ ચતુર્થ આવૃતિ જુલાઈ - ૨૦૦૬)**

**પ્ર.૯ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ :- કોણ કહે છે -૧ ગુણ, કોને કહે છે - ૧ ગુણ, ક્યારે કહે છે - ૧ ગુણ.**

૧. ''હું તો મંદિરનો મહંત છું, મને ફાવે તેમ કરું !'' (૨/૧૭) મુકુંદદાસ - તુલસીદાસને
મુકુંદદાસે મંદિરની વસ્તુઓ, સીધા-સામગ્રી વગેરે જેમ ફાવે તેમ સૌને વહેંચવા લાગ્યા ત્યારે તુલસીદાસે તેમને રોક્યા ત્યારે.

૨. ''તારા જીવ સામું જોઉં છું તો અરધો સત્સંગ રહ્યો છે.'' (૭/૬૯)
સ્વામી (ગુણાતીતાનંદ સ્વામી) - શિવલાલભાઈને
ગઢડામાં કેટલાક કુસંગના શબ્દોથી શિવલાલભાઈને વ્યવહારિક મોટપનો ભાર અને સ્વામીને વિષે સહેજ મનુષ્યભાવ આવ્યો હતો તેથી.

૩. ''આપ અહીં અખંડ રહો, મોટા મોટા જગન કરો.'' (૫/૫૪) કુશળકુંવરબા - મહારાજને
ધરમપુરમાં વિજયદેવે ભારેભારે વસ્ત્રાલંકારો ધરાવી મહારાજનું પૂજન કરી આરતી ઉતારી ત્યારે કુશળકુંવરબા મહારાજને વિનંતી કરતાં કહે છે.

૪. ''હું તારા અંતરની કળતર મટાડીશ.'' (૧/૯) ગોપાળાનંદ સ્વામી - સાધુને
આખી રાત સ્વામીનું શરીર દાબતા બેઠેલા સેવાભાવી સંત પર અંતરથી રાજી થઈને સ્વામીએ કહ્યું.

૫. ''ભગવાને હાથ-પગ આપ્યા છે તેનો ઉપયોગ કરીને મહેનત કરને.'' (૪૧) પ્રમુખસ્વામી મહારાજ - ચોરને
ત્રિચિનાપલ્લીની યાત્રા દરમિયાન એક રાત્રિએ પકડાયેલા ચોરનો બચાવ કરીને તેને સદ્‌બોધ આપતાં સ્વામીશ્રી કહે છે.

૬. એકથી બે ભલા. (૧૮) પ્રમુખસ્વામી મહારાજ - સેવકસંતને
જલઝીલણી એકાદશીના ઉત્સવ પછી સંડાસ સાફ કરી રહેલા પ્રમુખ સ્વામીને સેવક સંતે રોકવાનો પ્રયાસ કર્યો ત્યારે.

**પ્ર.૧૦ નીચે આપેલાં વાક્યોનાં કારણ જણાવો. (નવેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ : અહીં કેવળ પ્રસંગોના મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીઓએ તે વિસ્તૃત રીતે લખેલા હોવા જોઈએ.**

**૧. કાઠીઓ બોલી ઉઠ્યા, વાહ ! પર્વતભાઈ વાહ ! (૬/૫૭-૫૮)**
પર્વતભાઈને ગામ અગતરાઈમાં શ્રીજીમહારાજ સંતો અને હરિભક્તો સાથે પધાર્યા. પર્વતભાઈનો ખૂબ જ ભાવ જોઈ મહારાજે ખૂબ આગ્રહ કરીને કાઠીઓને જમાડવાનો વિચાર કર્યો. કાઠીઓને તો ગોળ, ચોખા અને છૂટી ધારે ઘી પીરસાય એટલે વાહ, વાહ થઈ જાય. રસોઈ તૈયાર થઈ એટલે પ્રથમ મહારાજને જમાડ્યા. પછી ફળિયામાં કાઠીઓની પંક્તિ થઈ તેમાં ચોખા અને ગોળ પીરસાયા કે તરત મહારાજ ઘીની તાંબડી લઈને નીકળ્યા. પર્વતભાઈએ પોતાના ગળે હાથ મૂકીને મહારાજને ઘીની ધાર પાછી ન ખેંચવા માટે પોતાના સમ ખવરાવ્યા. કાઠીઓએ પણ મનમાં નક્કી કરેલું કે મહારાજ ઘી પીરસે તેટલું પીરસવા દેવું પણ પાછા પડવું નહિ. મહારાજ પણ તેમનો આ ઠરાવ અંતરથી જાણીને ઘી પીરસ્યા જ કરે. તાંસળી છલકાય ત્યાં સુધી રેડે. કાઠીઓ જ્યારે હાં હાં કરીને ગર્જના કરે ત્યારે જ મહારાજ આગળ જાય. મહારાજ પણ પર્વતભાઈની ઈચ્છા મુજબ ધાર પાછી ખેંચે નહિ. તેથી ઘી નીચે ઢોળાય. પર્વતભાઈ મહારાજની આ અલૌકિક લીલા નિહાળતા જાય અને ફેરફૂદરડી ફરતા જાય. પર્વતભાઈનો આવો ભાવ જોઈને કાઠીઓના મુખમાંથી ઉદ્‌ગાર સરી પડ્યા. વાહ ! પર્વત વાહ ! બીજા પર્વત તો ચલાયમાન થાય પણ આ પર્વત ચલાયમાન થાય નહિ.

**૨. ગોપાળાનંદ સ્વામીએ કહ્યું કે, 'હવે ત્યાગ વૈરાગ્યની વાતો મારાથી નહીં થાય.' (૧/૮)**
સ્વામીની વૈરાગ્ય છટા પણ નિરાળી હતી. તે દૂધ, ઘી વગેરે સ્નિગ્ધ પદાર્થો લેતા નહિ. રોટલી પણ કોરી જમતા અને વધારાનું પોતાને ભાગે આવતું ઘી અગ્નિદેવતાને હોમી દેતા. આ કારણથી તેમના દેહને વિશેષ ઘસારો લાગતો. સ્વામીશ્રીનો દેહ સારી રીતે સચવાય અને હરિભક્તોને તેમના સમાગમનું સુખ અધિક મળે તે હેતુથી ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું કે, 'સ્વામી ! હવે તમારી અવસ્થા થઈ છે તો હવે થોડું ઘી રોટલીમાં જમો,' પરંતુ સ્વામીની આ પ્રકારની રુચિ ન હતી. તેથી ગુણાતીતાનંદ સ્વામીએ એક વાર રોટલી ઘી ચોપડીને તેમને જમવા આગ્રહપૂર્વક આપી. ગુણાતીતાનંદ સ્વામીનો પ્રેમ અને આગ્રહથી જમી ગયા અને બોલ્યા કે 'હવે ત્યાગ-વૈરાગ્યની વાતો મારાથી નહિ થાય માટે હવે તે તમે કરજો.' આમ સ્વામી અન્યના પ્રેમભાવ અને આગ્રહ સામે નમી જતા. પણ તેમના ત્યાગ-વૈરાગ્યની છટામાં નિશ્ચયના કારણે યુક્તિપૂર્વક તરી જતા.

**૩. પાદરીએ ફ્રેન્કને ચર્ચની સભામાં પ્રમુખસ્વામી મહારાજની વાત કરવા કહ્યું. (૫૨-૫૩)**
ઈંગ્લેન્ડના લેસ્ટર શેહરમાં ફ્રેન્ક નામનો એક અંગ્રેજ સ્વામીશ્રીને મળવા આવ્યો. તેનો ૧૭ વર્ષના પુત્રને મનોચિકિત્સકો પાસે લઈ ગયા. તેઓએ પણ તેને ગાંડો ગણી ગાંડાની હૉસ્પિટલમાં દાખલ કરી દીધો. ત્યાં પુત્રએ ફાંસો ખાઈને આપઘાત કર્યો. ત્યારથી તેઓને અને તેમના પત્નીને થતું અમારી ભૂલને કારણે જ આમ થયું છે. તેથી તેઓને અશાંતિ રહેતી હતી. આ વાત તેમણે સ્વામીને કરતાં સ્વામીશ્રીએ કહ્યું ભગવાનને ગમ્યું તે ખરું ! તમારો કે દીકરાનો વાંક નથી. બોજ માથે ન રાખવો. ભાર રહે તો ટેન્શન થઈ જાય. ગયેલો પાછો નહીં આવે. શાંતિ મેળવવા દર રવિવારે ચર્ચમાં જઈને પ્રાર્થના કરવી. તમારા ચર્ચમાં ધર્માદો કરવો. આ સાંભળીને ફ્રેન્કે કહ્યું આજે મારું બધું ટેન્સન દૂર થયું છે. ક્યારેય ન અનુભવેલ શાંતિનો મેં અનુભવ કર્યો. આ વાતની

જાણ પાદરીને કરતાં પાદરીએ ચર્ચની સભામાં આ વિશાળ હૃદયી ઓલિયા મહાપુરુષની વાત કરવાનું કહ્યું.

૪. **દારેસલામ ઍરપોર્ટના અધિકારીઓ આશ્ચર્ય ચક્તિ થઈ ગયા.** (૩૩)

સ્વામીશ્રી જે વિમાનમાં દારેસલામ ગયા હતા તે વિમાનમાં હીરાની દાણચોરી થઈ રહી છે. તેવી ખબર એરપોર્ટના અધિકારીઓને મળતાં સ્વામીશ્રી અને સંતોનો સંપૂર્ણ સામાન ચેક કર્યો પણ કાંઈ ન મળ્યું. સામાન્ય રીતે મુસાફરીમાં રખાતા પંચોતેર જેટલા શિલીંગ પણ સ્વામી કે કોઈ સંતો પાસેથી ન મળતાં આવા મુસાફરોને પહેલી જ વાર જોતાં આશ્ચર્યચકિત થઈ ગયા.

**પ્ર.૧૧નીચે આપેલા વિષયો ઉપર મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ : અહીં કેવળ પ્રસંગોના મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીઓએ તે વિસ્તૃત રીતે લખેલા હોવા જોઈએ.**

**૧. લાલજી સુથારમાંથી નિષ્કુળાનંદ સુધીની યાત્રા.** (૩/૩૧,૩૨,૩૩)

મહારાજને કચ્છમાં વિચરણ માટે જવું હતું તેથી તેમને લાલજી ભક્તને ભોમિયા વિષે પૂછયું 'લાલજી ભક્ત પોતે જ ભોમિયા તરીકે સાથે જવા તૈયાર થયા. કચ્છની વાટ અને મુશ્કેલીનો ખ્યાલ હોવાથી તેમણે થોડુંક ભાતું, બતકમાં પાણી અને થોડા ચલણી સિક્કા લીધા. આ સિક્કા જોડામાં સંતાડી દીધા. મહારાજને કંઈ વાત આ વિષે કરી ન હતી. કચ્છમાં જતાં માર્ગમાં ભિક્ષુક મળ્યો તેને ભાતું અપાવી દીધું. ચોર ભેટી ગયા તો તેમને લાલજી ભક્તે જોડામાં સંતાડેલ નાણાં અપાવી દીધાં. લાલજી ભક્તને તો મહારાજને શું જમાડીશ તેની જ ચિંતા હતી. આગળ જતાં તરસથી પીડાતા એક સંત પુરુષ મળ્યા. તેમને પાણી અપાવી દીધું. આમ જગતના સર્વ આધારથી રહિત કરી એક પોતાનો જ આધાર રખાવ્યો. વિકટ રણમાં લાલજી ભક્તને તરસ લાગી ત્યારે મહારાજે મીઠા પાણીની સરવાણી આવતી હતી તેવો વીરડો ગળાવ્યો. પાણી પી લીધા બાદ જયારે છેલ્લે પાણી ચાખ્યું તો પાણી ખારૂ હતું. લાલજી ભક્તને પ્રતીતિ થઈ કે મહારાજે પોતાના માટે ખારાપાટમાં મીઠું પાણી ઉત્પન્ન કર્યું હતું. હવે લાલજી ભક્તની આકરી કસોટી થઈ. મહારાજે કહ્યું મને ભૂખ લાગી છે. ગામમાંથી ભિક્ષા માંગી લાવો. લાલજી ભક્ત કહે આ મારા સસરાનું ગામ છે. અહીં તો બધાં મને ઓળખે. મહારાજે મર્મમાં કહ્યું તમને કોઈ ન ઓળખે એવા કરી દઈએ તો ? લાલજી ભક્તથી હા તો પડાઈ ગઈ પણ મનમાં થયું કે મહારાજ શું કરશે ? તેમની મુમુક્ષુતાની કસોટીથી પ્રસન્ન થઈ મહારાજે તેમને ત્યાગીની દીક્ષા આપી. અને સસરાને ત્યાં જ ઝોળી લઈ ભિક્ષા માગવા મોકલ્યા. આમ મુમુક્ષુ લાલજી ભક્ત મહારાજની કસોટીને સરાણ ચડયા અને તેમાંથી પાર પણ ઉતર્યાં.

**અથવા**

**૨. રઘુવીરજી મહારાજ અને ગુણાતીતાનંદ સ્વામી વચ્ચેનો સ્નેહ સંબંધ :** (૪/૪૩, ૪૬)

(૧) રઘુવીરજી મહારાજ નિસ્પૃહી આચાર્ય હતા. ૧૯૧૧ના હરિજયંતીના સમૈયા પર ગુણાતીતાનંદ સ્વામી જ્યારે વરતાલ પધાર્યા ત્યારે આચાર્ય મહારાજે સત્સંગિજીવનની કથા સાડા ચાર માસ સુધી કરાવવાની ઇચ્છા વ્યકત કરી. પધરામણીની ભેટ આ રીતે સારા કાર્યમાં વપરાય તે યોગ્ય છે તેમ જણાવી ગુણાતીતાનંદ સ્વામીએ રાજીપો દર્શાવ્યો.

સ્વામી વરતાલ પધાર્યા. દેશોદેશથી હરિભક્તો પધાર્યા હતા. ગોમતીમાં પાણી હતું નહિ. એટલે આચાર્ય મહારાજે સ્વામીને પ્રાર્થના કરતાં વરસાદ થયો અને ગોમતી તળાવ પાણીથી ભરાઈ ગયું. સવારે મંગળા અને શણગાર આરતી વચ્ચે તથા સવારની કથા પછી આચાર્ય મહારાજની આજ્ઞાથી ગુણાતીતાનંદ સ્વામી કથા કરતા. શ્રીજીમહારાજના પુરુષોત્તમપણાની તથા વિષય ખંડનની અદ્ભુત વાતો સ્વામી કરતા. અક્ષરરૂપ થવાની વાતો પણ કરતા. આવી આકરી વાતોથી કેટલાય ઝાંખા પડી ગયા. તેથી શુકમુનિને કથા કરવા જણાવવું. પરંતુ શુકમુનિનો અવાજ ઝીણો અને શાસ્ત્રની સૂક્ષ્મ અને ગૂઢ વાતો સૌને સમજાય નહિ. ત્યારે આચાર્ય મહારાજે સભામાં કહ્યું કે 'આ કથા ચાલશે ત્યાં સુધી ગુણાતીતાનંદ સ્વામી જ વાતું કરશે. જેને ન સદે તે ગામડે ફરવા જાય.

(૨) રઘુવીરજી મહારાજ સ્વામીનો સમાગમ કરવા વર્ષોવર્ષ જૂનાગઢ જતા. તેવો તેમને સ્વામીના સમાગમને ખપ હતો. પરંતુ ૧૯૧૭માં પોતે ભગવત્પ્રસાદજીને ગાદી સોંપી તીર્થવાસી થઈને ફક્ત એક સેવકને સાથે લીધા. સિગરામ અને બીજો રસાલો સાથે ન લીધો. સવારમાં મંગળા આરતી વખતે તૈયાર થઈ કથામાં આવી જતા. શણગાર આરતી પછી ઉતારે આવી ખીચડી અથવા બાટી ને મગની દાળ ઝટઝટ તૈયાર કરી કથામાં બેસી જતા. રાજભોગ વખતે જમવા પધારતા. બપોરે પણ આરામ છોડી કથા સાંભળતા. આળસ, નિદ્રા, રસાસ્વાદનો ત્યાગ કરી, શ્રદ્ધાપૂર્વક નિર્માનીપણે સ્વામીનો સમાગમ કર્યો. સ્વામીએ પણ તેમની ગ્રંથિઓ ગાળી ગુણાતીત કરી દીધા. તેથી સ્વામી કહેતા 'આખા વરતાલમાં એક રઘુવીરજી મહારાજે મને ઓળખ્યો'. કારણ 'સ્વામી અક્ષરબ્રહ્મનો અવતાર છે.' એવી એમને દૃઢ નિષ્ઠા હતી. તેમણે દેહ મૂક્યો ત્યારે સ્વામીને શરીરે તાવ આવી ગયો હતો, એવું સ્વામીને પણ એમને વિષે અપાર હેત હતું.

**૩. બાળ અને કિશોરોના સ્નેહી પ્રમુખસ્વામી મહારાજ** (૩૯, ૨૮)

**બાળકોના સ્નેહી પ્રમુખસ્વામી મહારાજ:** વલસાડના સાગર ખેડુ શાંતિલાલનો પ્રશાંત અકસ્માતમાં ઘવાયો હતો તેને સુરતની મહાવીર જનરલ હોસ્પિટલમાં દાખલ કર્યો હતો. એ સમયે સ્વામીશ્રી સુરત આવ્યા. હોસ્પિટલના રસ્તે ખોદકામ થયું હોવાથી મોટર જઈ શકે તેમ ન હતી, તો સ્વામીશ્રી ચાલીને આઈ.સી.યુ. માં દાખલ કરેલા બાળક પાસે પહોંચ્યા. ગાઢ તંદ્રામાં પડેલા બાળકના આખા શરીરે હાથ ફેરવીને બાળક તેમનો સ્વર સાંભળી રહ્યો હોય તેવી શ્રદ્ધા સાથે 'પ્રશાંતને જય સ્વામિનારાયણ કહ્યાં. ઠાકોરજીનો પ્રસાદીનો હાર પહેરાવ્યો. પિતા શાંતિલાલને આશ્વાસન આપ્યું. મદદ માટે તમામ બાંહેધરી આપીને એક સ્વજન કરતાંય વિશેષ મમતા દાખવી. એક નિર્દોષ અબુધ અને ગરીબ બાળકના દુઃખમાં ભાગ લીધાના સંતોષ સાથે ૮૦ વર્ષની ઉંમરે ખાડાટેકરાવાળા રસ્તા પર ચાલતા પાછા ફર્યાં.

**કિશોરોના સ્નેહી પ્રમુખસ્વામી મહારાજ :** વિરમગામ પાસે કાંકરાવાડી ગામનો ૧૫ વર્ષનો કિશોર ગણેશ સ્વામીશ્રીને પોતાના ગામ પધારવા માટે વિનંતી કરી રહ્યો હતો. સ્વામીશ્રીને ઘણો જ શ્રમ પડશે પણ કિશોરને એની ઝાઝી સમજ ન હતી. ઊડતી ધૂળના ગોટા વચ્ચે, ખાડા ટેકરાવાળા રસ્તા પર સ્વામીશ્રીએ પ્રવેશ કર્યો અને ગણેશના આનંદનો પાર ન રહ્યો. ગણેશના કાચી માટીના ઘરમાં પધાર્યા. લાઈટ, સંડાસ, બાથરૂમ કાંઈ જ વ્યવસ્થા નહિ. પેટ્રોમેક્સના અજવાળે સભા કરી એક મકાનના ધાબે સૌની સાથે સ્વામીશ્રી સૂતા. સવારે નિત્યક્રમ પરવારી પધરામણી કરી બપોરે માટીના ઓરડામાં સ્વામીશ્રી નિરાંતે પોઢ્યા. અગવડોની વચ્ચે પણ સ્વામીશ્રીના મુખ પર એજ આનંદ છવાયો હતો.

**૪. હરિજનોને સુધાર્યા. (૪૭)** ભોજ ગામના હરિજનવાસમાં તૂટેલાં ફૂટેલાં ઝૂંપડાઓ વચ્ચે સૌને ભેગા કરીને સ્નેહપૂર્વક મળ્યા. તેઓના જીવન-ઉદ્ધારમાં સ્વામીશ્રીને રસ હતો. વ્યસનમુક્તિની વાતો કરી. વર્ષો જૂનાં દારૂ અને બીડી, તમાકુ વગેરેનાં વ્યસનો સ્વામીશ્રીનાં ચરણોમાં ધરી દીધાં. મહિના પછી ધૂળેટીના દિવસે દારૂની મહેફિલ માણવા બહારગામથી મહેમાનો ઊતરી પડયા પણ વાસમાં પગ મૂકતાં તેને આશ્ચર્ય થયું. અહીં નાની સભા થઈ. બાઈ-ભાઈ સર્વેનાં હાથમાં શિક્ષાપત્રી અપાઈ. તેનું વાંચન થયું. પવિત્ર અને ભક્તિ ભાવથી ઉજવણી થઈ. મહેમાનોએ લોકોને દારૂ પીવાનો આગ્રહ કર્યો ત્યારે કહ્યું 'હવે અમે પ્રમુખસ્વામીના થયા છીએ હવે અમારાથી એવું મોંઢે ન લગાડાય ! સુખી જીવનનો આનંદ તેમાંથી ઝરતો હતો.

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

> **☞ નોંધ : અર્ધો જવાબ સાચો હોય તો પણ અર્ધો ગુણ ન આપવો. જવાબ આખા વાક્યમાં લખેલો હોવો જોઈએ. એક શબ્દમાં લખેલો જવાબ માન્ય ગણાશે નહિ.**

૧. શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીનાં કયા અંગ વખાણ્યાં છે ? (૨/૨૫)

જ. મુક્તાનંદ સ્વામીને મહારાજની પ્રસન્નતા કરવી તથા મહારાજનો વિશ્વાસ એ અંગ વખાણ્યાં છે.

૨. કુશળકુંવરબાએ પૂર્વ જન્મમાં કઈ વાવ બંધાવી હતી ? (૫/૫૨)

જ. કુશળકુંવરબાએ પૂર્વ જન્મમાં અડાલજની વાવ બંધાવી હતી.

૩. વ્યર્થ સમય બગડે નહિ તે માટે શિવલાલ શેઠ દુકાને કઈ ત્રણ વસ્તુ રાખતા ? (૭/૬૭)

જ. શિવલાલ શેઠ દુકાને વચનામૃતનો ગ્રંથ, માળા અને પોતાની બેઠક સામે મહારાજની મૂર્તિ રાખતા.

૪. પ્રમુખસ્વામી મહારાજની સુવર્ણતુલા લંડનમાં કયારે થઈ ? (૨૬)

જ. પ્રમુખસ્વામીની સુવર્ણતુલા લંડનમાં તા. ૨૦-૭-૧૯૮૫ સાંજના ૬.૫૦ વાગે થઈ.

૫. શાંતિ ભગતને ભાગવતી દીક્ષા ક્યાં અને ક્યારે આપી ? (૮)

જ. શાંતિ ભગતને ભાગવતી દીક્ષા ગોંડલમાં તા. ૧૦/૧/૧૯૪૦ માં મળી.

**પ્ર.૧૩ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૮)**

> **☞ નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. ફક્ત તમામ સાચા વિકલ્પ આગળ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ૩ (૬/૫૭)   ૨. ૧, ૩ (૪/૬૯)   ૩. ૧, ૨, ૩ (૧૭)   ૪. ૧, ૨, ૩, ૪ (૧૧, ૧૭)

## વિભાગ : - ૩ સામાન્યજ્ઞાન નિબંધ

**પ્ર.૧૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર આશરે ૬૦ લીટીમાં નિબંધ લખો. (કુલ ગુણ : ૧૫)**

> **☞ નોંધ :- નિબંધ એ મૌલિક વિષય છે, તેનાં ઉપર આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણાં પાસાને આવરી શકાય છે. જેવા કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વિગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે.**

૧. **સત્સંગમાં બળ પુરું પાડતું ટોનિક 'રાજીપાનો વિચાર' :** સૌથી પહેલો વિચાર સત્સંગમાં શા માટે આવ્યા છીએ ? કોઈ પણ અપમાનજનક પ્રસંગે અથવા નહિ ગમતા કાર્યની સોંપણી વખતે 'રાજીપાનો વિચાર' ટોનિકના જેવું કાર્ય - સામાન્ય ટોનિકથી દેહની પુષ્ટિ - આ ટોનિકથી આધ્યાત્મિક પુષ્ટિ, સત્સંગની પુષ્ટિ - પાછા પડ્યાના પ્રસંગોની અદ્દ્ભૂત અકસીર દવા - સત્સંગમાં ટકાવી રાખી - સત્સંગની પુષ્ટિ કરે - પ્રસંગો.

૨. **આદર્શ બાળકના ઘડવૈયા - જાગૃત વાલિ :** બાળકના પ્રથમ ઘડતરમાં વાલીઓનો મુખ્ય ફાળો - જાગૃત વાલિ બહારના ખરાબ વાતાવરણ અને પ્રવૃત્તિઓથી બચાવવા પ્રયત્નશીલ - બી.એ.પી.એસ. સંસ્થાની બાળપ્રવૃત્તિની માહિતી - જો તમે તમારાં બાળકોને સંસ્કાર નહીં આપો તો તમારે સંપત્તિ અને સંતતિ બંને ગુમાવવાનો વારો આવશે - જાગૃત વાલિ અભિયાન અંતર્ગત હાથ ધરાયેલી પ્રવૃત્તિઓ - વાલિ અભિયાનની સભાઓનો લાભ લઈને બાળસંસ્કાર આપવાની ચિંતામાંથી મુક્તિ - બાળવિકાસ માટેના પ્રયત્નો.

૩. **આધ્યાત્મિક સાધનાના પથદર્શક - પ્રમુખસ્વામી મહારાજ :** સ્વામીશ્રીનું બાળપણનું જીવન - વૈરાગ્ય, ભક્તિ, અનાસક્તિ, ગુરુ એ જ જીવન - ગૃહત્યાગ - શાંતિભગત તરીકે કરેલી સેવાઓ - પોતાના મનનું ધાર્યું મૂક્યું - અંગ્રેજી ભણવાનું મૂકી સંસ્કૃતનો અભ્યાસ - ગુરુની આજ્ઞા એ જ જીવન - દરવાજો ૧૬ ના બદલે ૨૪ ફૂટનો યોગીજી મહારાજના તમામ સંકલ્પોની પૂર્તિ - આદર્શ સાધના - ચૂનો પીલવાનું કાર્ય - શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજનો મેળવેલો રાજીપો.

❑ ❑ ❑